દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

શનિવાર ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬

કહેવાય એક્સપ્રેસ વે પણ તેની પર ઢોર ફરે છે, ખાડાઓનો હિસાબ જ નથી!

દેશમાં માર્ગ પરિવહન અને વાહનવ્યવહારને આધુનિક બનાવવાની દિશામાં મોટા પાયે બડાઈઓ મારવામાં આવે છે. 'સુપરફાસ્ટ' અને 'વર્લ્ડ ક્લાસ' એક્સપ્રેસવે અને રાષ્ટ્રીય ધોરીમાર્ગોના નિર્માણના દાવાઓ સાથે એવો માહોલ ઊભો કરવામાં આવે છે જાણે આપણે યુરોપ કે અમેરિકાના રસ્તાઓ પર ગાડી ચલાવી રહ્યા હોઈએ. પરંતુ વાસ્તવિકતા જમીન પર સાવ જુદી અને ભયાનક છે. ભારતના રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે આજે બે મુખ્ય રોગથી પીડાઈ રહ્યા છે: એક, રસ્તાઓ પર રાજ કરતા રખડતા ઢોર અને બીજું, પ્રથમ વરસાદ કે થોડા સમયમાં જ ધોવાઈ જતા રસ્તાઓ પર પડેલા જીવલેણ ખાડા.

હાલમાં જ કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા સુપ્રીમ કોર્ટના આદેશ બાદ એક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જાહેર કરવામાં આવી છે. જે મુજબ, જો હાઇવે પર કોઈ માલિક પોતાના પશુઓને છોડી દેશે તો તેની સામે આકરા પગલાં લેવાશે, ભારે દંડ ફટકારવામાં આવશે અને પશુ અતિક્રમણ અધિનિયમ, ૧૮૭૧ હેઠળ પ્રાણીઓને જપ્ત કરી વેચીને પણ દંડ વસૂલ કરાશે. દર ૧૦૦ કિલોમીટરે પશુ આશ્રયસ્થળો બનાવવાની વાત પણ આ નીતિમાં કરવામાં આવી છે. કાગળ પર આ યોજના સુમેળભરી અને સુંદર લાગે છે, પરંતુ સવાલ એ થાય છે કે શું માત્ર નવી SOP જારી કરી દેવાથી કે કાગળ પર દંડની જોગવાઈઓ લખી દેવાથી વાસ્તવિકતા બદલાઈ જશે?

હાઇ-સ્પીડ એક્સપ્રેસવે બનાવવાનો મુખ્ય હેતુ એ હોય છે કે વાહનચાલક ૧૦૦ થી ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે સુરક્ષિત રીતે પ્રવાસ કરી શકે. પરંતુ ભારતના એક્સપ્રેસવે પર સ્થિતિ એવી છે કે અચાનક વળાંક પર કે રાત્રિના અંધકારમાં રસ્તાની વચ્ચે ગાય, ભેંસ કે આખલાનું ટોળું ઊભું હોય છે. પરિણામે, ક્ષણવારમાં ભયાનક અકસ્માત સર્જાય છે. રખડતા ઢોરની સમસ્યાથી આગળ વધીએ તો બીજો મોટો ભ્રષ્ટાચાર અને બેદરકારી એક્સપ્રેસવે અને નેશનલ હાઇવેના નિર્માણ ગુણવત્તામાં જોવા મળે છે. કરોડો-અબજો રૂપિયાના ખર્ચે બનેલા એક્સપ્રેસવે એક જ ચોમાસામાં ધોવાઈ જાય છે. હાઇવે પર જ્યારે વાહન ૧૦૦ની ઝડપે જતું હોય ત્યારે નાનામાં નાનો ખાડો પણ ગાડીનું સસ્પેન્શન તોડી શકે છે, ટાયર ફાડી શકે છે કે ગાડીને પલટી ખવડાવી શકે છે. અનેક કિસ્સાઓમાં ખાડાથી બચવાના પ્રયાસમાં વાહનચાલક સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવી દે છે અથવા બાજુમાંથી પસાર થતા અન્ય વાહન સાથે અથડાઈ જાય છે.

સૌથી વધુ આક્રોશજનક બાબત એ છે કે વાહનચાલકો પાસેથી દરેક ટોલ પ્લાઝા પર ભારે રકમનો ટોલ ટેક્સ વસૂલવામાં આવે છે. જો જનતા પાસેથી "વર્લ્ડ ક્લાસ" રસ્તાનો ટેક્સ વસૂલાતો હોય, તો તેમને "થર્ડ ક્લાસ" અને ખઙ્ડા રાજવાળા રસ્તા કેમ આપવામાં આવે છે? કોન્ટ્રાક્ટરો અને એન્જિનિયરોની મિલિભગતને કારણે નબળી ગુણવત્તાનું ડામર કે સિમેન્ટ વપરાય છે, અને પરિણામે ઉદ્ઘાટનના થોડા જ મહિનાઓમાં રસ્તાઓ બિસ્માર બની જાય છે. જ્યારે અકસ્માત થાય ત્યારે કોન્ટ્રાક્ટર સામે યોગ્ય કડક કારવાઈ થતી નથી. સરકાર કહે છે કે પશુ અતિક્રમણ અધિનિયમ, ૧૮૯૧ હેઠળ પશુ માલિકોને દંડવામાં આવશે. પરંતુ પ્રશ્ન એ છે કે હાઇવે પર ભટકતા પશુનો માલિક કોણ છે તે નક્કી કેવી રીતે થશે? શું હાઇવે ઓથોરિટી પાસે એવું કોઈ ટેક્નોલોજીકલ માળખું છે? જો પશુ પર ટેગ ન હોય તો દંડ કોની પાસેથી વસૂલશો? બીજી તરફ, હાઇવે પર પશુઓને હટાવવા માટે જે હાઇવે પેટ્રોલીંગ વાહનો હોવા જોઈએ તે માત્ર કાગળ પર કે ટોલ પ્લાઝા નજીક ઊભેલા જોવા મળે છે.

માત્ર નવી SOP જાહેર કરી દેવાથી કે દંડના કાયદા બતાવી દેવાથી નાગરિકોની અકસ્માતમાં થતી બલિહારી અટકવાની નથી. જો સરકાર ખરેખર હાઇવેને સુરક્ષિત બનાવવા માંગતી હોય તો કેટલાક પગલાઓ લેવા જ પડે તેવી સ્થિતિ છે. જેમાં તમામ એક્સપ્રેસવે અને નેશનલ હાઇવેની બંને બાજુએ મજબૂત કોંક્રિટ અથવા મેટલ બેરિયર હોવા જોઈએ જેથી પશુઓ રસ્તા પર પ્રવેશી જ ન શકે. રસ્તા પર પડેલા ખાડા કે નબળા બાંધકામ કારણે જો કોઈ અકસ્માત થાય અને જીવ જાય, તો સંબંધિત કોન્ટ્રાક્ટર અને એન્જિનિયર સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધાવો જોઈએ. દર ૨૦-૩૦ કિલોમીટરે હાઇવે ઓથોરિટીની સ્ક્વોડ સક્રિય હોવી જોઈએ, જે રસ્તા પર પશુ દેખાય કે તરત તેને સુરક્ષિત રીતે ખસેડે અને રસ્તા પરના ખાડાઓનું તાત્કાલિક રીપેરિંગ પેચવર્ક કરે.

ગામડાઓ અને હાઇવે નજીકના વિસ્તારોમાં પશુઓનું ફરજિયાત માઇક્રોચિપ અથવા ટેગિંગ થવું જોઈએ જેથી રખડતા પશુના માલિકને તુરંત શોધીને આકરો દંડ કરી શકાય. દરેક નાગરિક જ્યારે રોડ ટેક્સ અને ટોલ ટેક્સ ચૂકવે છે, ત્યારે તે સુરક્ષિત મુસાફરીનો હક ખરીદે છે. વાહનચાલકોનો જીવ એટલો સસ્તો નથી કે તેને કમિશનખોર કોન્ટ્રાક્ટરોની બેદરકારી અને રખડતા પશુઓના ભરોસે છોડી દેવાય. સરકારે હવે કાગળ પરની યોજનાઓમાંથી બહાર આવીને એક્સપ્રેસવેની ભયાનક વાસ્તવિકતા બદલવા માટે કડક અને નક્કર પગલાં ભરવા જ પડશે

રાજસ્થાનની સ્થાનિક ચૂંટણીનાં પરિણામના સંકેત

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

> **રાજસ્થાનની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પરિણામો માત્ર સામાન્ય ચૂંટણી વિજય કે પરાજય નથી, પરંતુ તે રાજ્યના વર્તમાન રાજકીય પ્રવાહો અને જનમાનસની સ્પષ્ટ તસવીર રજૂ કરે છે**

કોઈ પણ રાજ્યોની સ્થાનિક ચૂંટણીનું મહત્ત્વ હોય છે કારણ કે એનાં પરિણામો વિધાનસભામાં અસરકર્તા બનતાં હોય છે. એ રીતે જોઈએ તો રાજસ્થાનમાં સ્થાનિક ચૂંટણીનાં પરિણામો ભાજપ અને કોંગ્રેસ માટે કેટલાક સંકેતો આપે છે. ભાજપે કોંગ્રેસ કરતાં બેઠકો તો વધુ કબજે કરી છે પણ કેટલીક જગ્યાએ કોંગ્રેસે સારો દેખાવ કર્યો છે. કુલ જાહેર થયેલા વોર્ડમાંથી ભાજપે ૪,૧૭૯ વોર્ડ પર જીત મેળવી છે. એટલું જ નહિ જયપુર, ઉદયપુર, ભિલવાડા અને કોટા જેવાં મોટાં શહેરોમાં (મ્યુનિસિપલ કોર્પોરેશનમાં) ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી છે.

જો કે, ભાજપને શાસક પક્ષ હોવા છતાં કેટલાક દિગ્ગજોનાં ગૃહક્ષેત્રોમાં ઝટકો લાગ્યો છે. કોંગ્રેસે એક પ્રકારે પુનરાગમન કર્યું છે. કોંગ્રેસે કુલ ૩,૬૧૩ વોર્ડ જીતીને સારો દેખાવ કર્યો છે. ખાસ કરીને બિકાનેર કોર્પોરેશનમાં કોંગ્રેસે સ્પષ્ટ બહુમતી મેળવી છે. આ ઉપરાંત અજમેર, પાલી અને ઝાલાવાડ જેવા વિસ્તારોમાં કોંગ્રેસને મોટો રાજકીય ફાયદો થયો છે અને તે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી છે.

સૌથી મહત્ત્વની વાત એ છે કે, ગત ચૂંટણીની સરખામણીમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચેનો વોટ શેરનો તફાવત ઘટીને માત્ર ૦.૯૪% જેટલો જ રહ્યો છે, જે કોંગ્રેસ માટે પ્રોત્સાહક બાબત રહી છે. આ ચૂંટણીમાં અપક્ષોએ ૨,૨૭૩ જેટલી બેઠકો જીતીને બંને મુખ્ય પક્ષો સમક્ષ મોટો પડકાર ખડો કર્યો છે અને ઘણી જગ્યાએ 'કિંગમેકર' બન્યા છે. આ ઉપરાંત બારાં જેવી જગ્યાએ આમ આદમી પાર્ટી (AAP) અને અન્ય નાના પક્ષોએ પણ ચોંકાવનારી જીત મેળવી છે. રાજસ્થાનની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પરિણામો માત્ર સામાન્ય ચૂંટણી વિજય કે પરાજય નથી, પરંતુ તે રાજ્યના વર્તમાન રાજકીય પ્રવાહો અને જનમાનસની સ્પષ્ટ તસવીર રજૂ કરે છે. આ પરિણામો નીચે મુજબના મહત્ત્વના સંકેતો અને રાજકીય અર્થ દર્શાવે છે. ભાજપે સૌથી વધુ વોર્ડ અને બેઠકો જીતીને સાબિત કર્યું છે કે શહેરી વિસ્તારોમાં તેનો આધાર હજુ પણ મજબૂત છે. ભાજપ અને કોંગ્રેસના વોટ-શેર વચ્ચેનો તફાવત ઘટીને માત્ર ૦.૯૪% જેટલો થઈ ગયો છે, જે દર્શાવે છે કે કોંગ્રેસ જમીની સ્તરે હજુ પણ મજબૂત રીતે રેસમાં છે અને તેનો જનાધાર ખોવાયો નથી.

ચૂંટણીમાં ૨,૨૭૩ જેટલી બેઠકો પર અપક્ષોની જીત એ દર્શાવે છે કે જનતા બંને રાષ્ટ્રીય પક્ષોના સત્તાવાર ઉમેદવારોથી ક્યારેક અસંતુષ્ટ હોય છે. ભજનલાલ શર્મા સરકારના કાર્યકાળના આ તબક્કે આવેલાં આ પરિણામોને આગામી મોટી રાજકીય લડાઈઓ (જેમ કે પંચાયતી રાજ કે ભવિષ્યની વિધાનસભા ચૂંટણીઓ) પહેલાંના 'ટ્રેન્ડ મીટર' તરીકે જોવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં ભાજપનો મેન્ડેટ નિષ્ફળ, ગુજરાતમાં વર્ષોની પરમ્પરા રહી છે કે, સહકારી સંસ્થામાં કોઈ પક્ષ સત્તાવાર રીતે ચૂંટણીમાં મેદાને પડતો નથી. ભાજપમાં પણ જૂથો સામસામા લડે છે. ઘણી વાર એવું બને છે કે, પક્ષ દ્વારા સત્તાવાર રીતે ટિકિટ કે મેન્ડેટ આપવામાં આવ્યો હોવા છતાં, આંતરિક જૂથબંધી, મતદારોની નારાજગી કે બળવાખોરીના કારણે ભાજપના અધિકૃત ઉમેદવારો હારી ગયા હોય તેવા બનાવો નોંધાયા છે. તાજેતરના કેટલાક કિસ્સા ધ્યાન ખેંચનારા છે. ઈડર અને ધોળકા માર્કેટ યાર્ડની ચૂંટણી જ લો. સહકારી અને સ્થાનિક સંસ્થાકીય ચૂંટણીઓમાં ભાજપે સત્તાવાર મેન્ડેટ આપીને પોતાના ઉમેદવારો મેદાને આવ્યા હતા, પરંતુ આંતરિક અસંતોષ અને ખેડૂતોની નારાજગીના કારણે ભાજપના મેન્ડેટ પર લડેલા મોટા ભાગના ઉમેદવારોએ કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ઈડર અને ધોળકા માર્કેટ યાર્ડની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટવાળા કુલ ૨૧ ઉમેદવારોનો પરાજય થયો હતો અને સામે બળવાખોર કે ખેડૂત પેનલના ઉમેદવારો વિજયી બન્યા હતા.

આવા કિસ્સાઓમાં સામાન્ય રીતે જ્યારે પાર્ટી હાઈકમાન્ડ દ્વારા સ્થાનિક કાર્યકરોની ઈચ્છા વિરુદ્ધ જઈને કે બહારથી આવેલા નેતાઓને પ્રાધાન્ય આપીને મેન્ડેટ આપવામાં આવે છે, ત્યારે સ્થાનિક સ્તરે ખુલ્લો કે છૂપો વિરોધ જોવા મળે છે. પરિણામે, સત્તાવાર મેન્ડેટ હોવા છતાં ઉમેદવાર મતદારોનું સમર્થન મેળવવામાં નિષ્ફળ જાય છે અને હારી જાય છે.

ગુજરાતમાં સત્તાવાર મેન્ડેટ કે પક્ષીય ટિકિટ મળવા છતાં ભાજપના ઉમેદવારો હાર્યા હોય અથવા બળવાખોરો સામે પરાજય થયો હોય તેવા અન્ય કિસ્સા પણ છે. સૌરાષ્ટ્રમાં ખાંભા એપીએમસીની ચૂંટણીમાં સહકારી ક્ષેત્રના જૂથવાદ અને આંતરિક ખેંચતાણ સ્પષ્ટ જોવા મળી હતી. આ ચૂંટણીમાં ખુદ ભાજપ પ્રમુખ આનંદ ભટ્ટ જેવા અગ્રણી નેતાને પણ ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે સામે પક્ષે બળવાખોર કે અન્ય પેનલના ઉમેદવારો વિજયી બન્યા હતા.

એ જ રીતે મોરબી એપીએમસીની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલ સામે સ્થાનિક સ્તરે અસંતોષ અને નારાજગીના કારણે ભાજપનો ગઢ ગણાતી બેઠકો પર પરાજય થયો હતો અને વિરોધ પક્ષ કે બળવાખોર સમર્થિત પેનલ મોટા પ્રમાણમાં બેઠકો જીતીને બહાર આવી હતી.

રાજકોટ લોધિકા સહકારી સંઘ સહકારી ક્ષેત્રની મોટી સંસ્થા છે. આ પ્રતિષ્ઠિત ચૂંટણીઓમાં અગાઉ પણ મેન્ડેટ કે આંતરિક પક્ષીય પકડને લઈને મોટા ગજાના દિગ્ગજ નેતાઓ અને પક્ષ સમર્થિત ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો છે, જ્યાં સ્થાનિક જૂથબંધીના કારણે સત્તાવાર માળખાને મોટો ઝટકો લાગ્યો છે. પૂર્વ ધારાસભ્ય અરવિંદ રૈયાણી પણ હાર્યા. ધારાસભ્ય જયેશ રાદડિયા જૂથ જીત્યું. અગાઉ પણ ઈફકોની ચૂંટણીમાં આવું જ બન્યું હતું. ભાજપના પૂર્વ પ્રમુખ સી. આર. પાટીલે આ ટ્રેન્ડ શરૂ કર્યો છે. પણ સરવાળે આ નિર્ણયથી ભાજપને નુકસાન થયું છે. રાજકોટ લોધિકા સંઘનો મામલો તો મોવડીમંડળ સુધી પહોંચ્યો છે. ગુજરાતમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી છે ત્યારે આ બધાં પરિણામો અને ભાજપનો આંતરિક અસંતોષ નડશે ખરા? એવો પ્રશ્ન પુછાય એ સ્વાભાવિક છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ગુરુ-શિષ્ય સંવાદ



એક શિષ્યએ પોતાના ગુરુને કહ્યું, 'ગુરુજી,મારે મારા મનની એક વાત તમને કહેવી છે, વાત નહિ એક સાચી કબુલાત મારે કરવી છે....'ગુરુજીએ કહ્યું, 'સારી વાત છે વત્સ, બોલ શું કહેવું છે તારે...'

શિષ્ય બોલ્યો, 'ગુરુજી, મારો સહાધ્યાયી મારો મિત્ર છે અમે સાથે રહીએ છીએ છતાં તે મારા કરતાં ઝડપથી શીખે છે, તેને બધું જ યાદ રહી જાય છે અને બધા તેની પ્રશંસા કરે છે. આ બધું જોઇને મને તેની ઈર્ષ્યા થાય છે, અને મારા પોતાના મિત્રની ઈર્ષ્યા હું કરું છું આ કડવી હકીકત મને અંદરથી કોરી ખાય છે.'

ગુરુજીએ પૂછ્યું, 'તું તારા મિત્રની ઈર્ષ્યા કેમ કરે છે?' શિષ્યએ કહ્યું, 'મને ઈર્ષ્યા થાય છે કારણ કે હું પણ એટલો જ સારો બનવા માંગુ છું.'

ગુરુજી બોલ્યા, 'જો તારા મનમાં મિત્રનું નુકસાન કરવાની ભાવના ન હોય અને તેને જોઇને તને તેના જેવા સારા બનવાની ઈચ્છા થતી હોય તો પછી આ ઈર્ષ્યા તારો દુશ્મન નથી, માત્ર તારી ઇચ્છાનો અરીસો છે. હવે પ્રશ્ન એ નથી કે તને ઈર્ષ્યા કેમ થાય છે, સારી વાત છે કે તને ખબર છે કે તને ઈર્ષ્યા થાય છે...હવે તું આ ઈર્ષ્યાનું શું કરે છે. શું તું ઈર્ષ્યાને કારણે તારા સહાધ્યાયીને નીચો બતાવવાના રસ્તા ગોતે છે કે પછી ઈર્ષ્યાને કારણે તેના જેટલા સારા બનવાની મહેનત કરે છે? શાંતિથી વિચાર અને જવાબ આપ.'

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

શિષ્યએ વિચાર્યું અને કહ્યું, 'હું સમજી ગયો ગુરુજી. મારે તેની પ્રશંસા અને પ્રગતી જોઈને દુ:ખી થવાને બદલે, તેની પાસેથી શીખવું જોઈએ.તેને નીચો દેખાડવાનો કોઈ અર્થ નથી મારે તેની પાસેથી શીખીને તેના જેવા બનવાની કોશિશ કરવી જોઈએ.'

ગુરુએ સ્મિત કરીને કહ્યું, 'વત્સ, યાદ રાખજે ઈર્ષ્યા થવી તે નકારાત્મક લાગણી છે પણ તેને સમયસર ઓળખી લઈને તેની નકારાત્મકતાને સકારાત્મક લાગણીમાં ફેરવી નાખવી જોઈએ.જે ઈર્ષ્યાને પ્રેરણામાં ફેરવે છે, તે આગળ વધે છે. જે ઈર્ષ્યાને દ્વેષમાં ફેરવે છે, તે પાછળ રહી જાય છે.'

ગુરુજીએ સાચો રસ્તો સમજાવ્યો કે ઈર્ષ્યા આપણી પોતાની અધૂરી ઇચ્છાનું પ્રતિબિંબ છે. તેને દ્વેષમાં નહીં, પ્રેરણા અને શીખવાની દિશામાં વાળવી જોઈએ.

મસૂદ અઝહર પર ઈનામ વધારવાનું પાકિસ્તાનનું નાટક હાસ્યાસ્પદ

રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

> **નિરીક્ષકોનું માનવું છે કે ઈનામ વધારવાનું આ પગલું FATF સહિતના આંતરરાષ્ટ્રીય નિયામકોની આંખમાં ધૂળ નાખવા માટેનું એક સપાટી પરનું પાલન છે, શું આ ખરેખર FATF સામે કામ કરશે?**

પાકિસ્તાની સેના દ્વારા પૃષ્ઠભૂમિમાંથી સંચાલિત પાકિસ્તાની સરકાર જૈશ-એ-મોહમ્મદ (JeM)ના વડા મસૂદ અઝહરની ધરપકડ તરફ દોરી જાય તેવી માહિતી માટે ઈનામની રકમ વધારે, તેનાથી વધુ હાસ્યાસ્પદ બીજી કઈ બાબત હોઈ શકે?

પોતાના જ ઘરમાં પ્રામાણિકતાથી શોધખોળ કરવાને બદલે અથવા રૂઢિપ્રયોગની ભાષામાં કહીએ તો 'જાદુઈ રીતે ઉકેલ શોધવા'ને બદલે, પાકિસ્તાન સરકાર દુનિયાને એવું મનાવવા ઈચ્છે છે કે તે અઝહરને ઊંડા સમુદ્રમાંથી શોધવા માટે તેના પરનું ઈનામ હાલના 50 લાખથી વધારીને 70 લાખ પાકિસ્તાની રૂપિયા કરી રહી છે. જો તે પોતાના જ ઘરમાં (પાકિસ્તાનમાં) છુપાયેલો હોવા છતાં અડધા મિલિયન (50 લાખ) રૂપિયા માટે પણ ન મળી શક્યો હોય, તો આવતા મહિને પેરિસમાં યોજાનાર ફાઈનાન્શિયલ ઍક્શન ટાસ્ક ફોર્સ (FATF)ના પ્લીનરી સત્રથી પહેલાં જાહેર કરાયેલો 20 લાખ રૂપિયાનો વધારો કેવી રીતે વ્યાજબી ઠરી શકે? પાકિસ્તાનના દૃષ્ટિકોણથી આ બાબત યોગ્ય હોઈ શકે, પરંતુ અન્ય કોઈ પણ દેશ તેના આ દાવાને સાચો માનવા તૈયાર નથી.

આનું કારણ એ છે કે FATF વિશ્વભરમાં મની લોન્ડરિંગ અને ટેરર ફંડિંગ વિરોધી વ્યવસ્થામાં રહેલી ખામીઓની તપાસ કરે છે. પાકિસ્તાન કદાચ FATFની આ યાદીમાં સૌથી ઉપર છે.

જેના કારણે આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ અને વિવિધ દેશોએ પાકિસ્તાન પર નાણાકીય સહાય માટે શરતો કડક કરી દીધી હતી, જેણે દેશની આર્થિક મુશ્કેલીઓમાં વધારો કર્યો હતો. ગ્રે લિસ્ટમાંથી બહાર નીકળવા માટે, પાકિસ્તાનને તે સમયે તથાકથિત સુધારાત્મક પગલાં લેવાની ફરજ પડી હતી. જેમાં JeM અને LeT તથા તેમના સંગઠનો પર પ્રતિબંધ મૂકવો અને આ સંગઠનોના નેતાઓને દોષિત ઠેરવવાનો સમાવેશ થાય છે. જોકે આ પગલાં માત્ર આંતરરાષ્ટ્રીય સમુદાયને છેતરવા માટે જ હતા, કારણ કે જમીની સ્તરે કોઈ વાસ્તવિક સુધારો દેખાયો ન હતો.

આ મોરચે FATF દ્વારા ફરીથી થનારી ફિટકાર અને તેના પરિણામોને પૂરી રીતે સમજતા, તેમજ દેશના અર્થતંત્રને વધુ નુકસાન થતું અટકાવવાના એક ભગીરથ પ્રયાસરૂપે, પાકિસ્તાને તેની ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (FIA)ની રેડ બુકમાં JeM વડા અઝહર પરનું ઈનામ વધાર્યું છે. કદાચ, તેઓ ઈચ્છે છે કે અઝહર જેવા લોકોને પકડીને આતંકવાદી ભંડોળને રોકવાની તેમની નિષ્ઠા પર દુનિયા વિશ્વાસ કરે. પાકિસ્તાનમાં પ્રવર્તતી જમીની વાસ્તવિકતાઓ અને આ મોરચે તેમના ભૂતકાળના રેકોર્ડને જોતાં, ઈસ્લામાબાદે અઝહરને શોધી કાઢવા માટેના નક્કર પગલાં લેવાને બદલે તેની ધરપકડ માટે ઈનામ વધારીને પોતાના જ પગ પર કુહાડી મારી છે. પાકિસ્તાનના બહાવલપુરમાં JeMના મુખ્યાલય 'મરકઝ સુભાનઅલ્લાહ' સંકુલને 'ઓપરેશન સિંદૂર' સ્ટ્રાઈક દરમિયાન ભારતીય સુરક્ષા દળોએ સંપૂર્ણપણે નષ્ટ કરી દીધું હતું, જેમાં અઝહરના નજીકના સંબંધીઓ સહિત ઘણા ટોચના આતંકીઓ માર્યા ગયા હતા.

અવિશ્વસનીય રીતે, આ વિશાળ માળખું તેના વિનાશના 15 મહિનાની અંદર ફરીથી બનાવવામાં આવ્યું હતું. અને આ કેવી રીતે થયું? પાકિસ્તાન સરકારના સંરક્ષણ અને આશ્રય વિના આ શક્ય જ ન હતું. નિરીક્ષકોનું માનવું છે કે ઈનામ વધારવાનું આ પગલું FATF સહિતના આંતરરાષ્ટ્રીય નિયામકોની આંખમાં ધૂળ નાખવા માટેનું એક સપાટી પરનું પાલન છે. શું આ ખરેખર FATF સામે કામ કરશે?

જોકે આ પ્રશ્નનો જવાબ આવતા મહિને જ મળશે, પરંતુ અઝહરના ભૂતકાળ અને ભારત સામે આતંકવાદી કૃત્યો કરવા માટે તેને પ્રોત્સાહિત કરવામાં પાકિસ્તાનની ભૂમિકાના સંદર્ભમાં જવાબ શોધવો પડશે. મે 2019માં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા તેને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો. અઝહર ભારતમાં 2001નો સંસદ હુમલો, 2008ના મુંબઈ હુમલા, 2016નો પઠાણકોટ એરબેઝ હુમલો અને 2019ના પુલવામા બોમ્બધડાકા સહિતના મોટા આતંકવાદી હુમલાઓ માટે વોન્ટેડ છે.

ભારતીય ધરતી પર આતંકના શ્રેણીબદ્ધ કૃત્યોમાં JeMની સંડોવણીને કારણે પાકિસ્તાની શાસકોમાં બુદ્ધિનો ઉદય થવો જોઈતો હતો અને આ તકનો ઉપયોગ ભારત સાથેના સંબંધો સુધારવા માટે એક નક્કર વિશ્વાસનિર્માણના પગલાં તરીકે કરવો જોઈતો હતો.

ઈસ્લામાબાદે અઝહરને ભારતને સોંપવા વિશે ગંભીરતાથી વિચારવું જોઈએ જેથી ભારતીય ભૂમિ પર તેના સંગઠને કરેલા હાઈ-પ્રોફાઈલ આતંકવાદી કૃત્યો માટે તેના પર કેસ ચલાવી શકાય. આનાથી વધુ સારું નક્કર પગલું બીજું શું હોઈ શકે? અને આવા પગલાંની FATF જેવા આંતરરાષ્ટ્રીય વોચડોગ્સ અને સૌથી વધીને સંયુક્ત રાષ્ટ્ર પર કાયમી અસર પડશે, જ્યાં પાકિસ્તાન ટેરર ફંડિંગ અને ભારતીય ભૂમિ પર આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે વારંવાર શરમજનક સ્થિતિનો સામનો કરે છે.

આ પાકિસ્તાનની નીતિ અને મુત્સદ્દીગીરીના ઘડવૈયાઓને અઝહર જેવા લોકો અને અન્ય માધ્યમો દ્વારા સતત ચલાવવામાં આવતા ઝેરી ભારતવિરોધી પ્રચારને છોડી દેવાની તક પણ પૂરી પાડી શકે છે. શું આ પરિસ્થિતિ પાકિસ્તાન સરકારને આતંકવાદી સંગઠનોના નેટવર્કને ફરીથી બનાવવામાં કરોડો રૂપિયા ખર્ચવાની મંજૂરી આપે છે?

આવા દૂરગામી પરિણામો ધરાવતા પગલાં, આવતા મહિને રમાનારી મેન્સ એશિયન ચેમ્પિયનશિપ ટ્રોફીના સંદર્ભમાં ભારત-પાકિસ્તાન હોકી મેચ સાથે મળીને, ઉપખંડને એક નવા યુગમાં લઈ જઈ શકે છે. જોકે, આ કહેવું સરળ છે પણ કરવું મુશ્કેલ છે.

JeMના વડા મસૂદ અઝહરની ધરપકડ તરફ દોરી જતી માહિતી માટે પાકિસ્તાને 70 લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી તેના પર પ્રતિક્રિયા આપતાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ પગલાને 'ગિમિક' (દેખાવ પૂરતી યુક્તિ) અને 'પોકળ' જાહેરાત ગણાવીને ફગાવી દીધી હતી. તેમણે કહ્યું કે પાકિસ્તાને ભૂતકાળમાં પણ આવી જ જાહેરાતો કરી છે અને દેશ પર લોકોને 'છેતરવાનો' પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે આતંકવાદને સ્પોન્સર કરનાર દેશે કડક અને નક્કર કાર્યવાહી કરવી જોઈએ, નહીં કે એવી જાહેરાતો કરવી જેનાથી કોઈ અર્થપૂર્ણ પરિણામ ન આવે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ગંદકી અને ભેળસેળ

વિધાનસભામાં હાલમાં એક બિલ પસાર થયું છે, જેમાં પશુઆહારમાં ભેળસેળ કરનારાઓને રૂ. ૧૦ લાખ સુધીનો દંડ અને ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઈ કરવામાં આવી છે. જો આ કાયદો ખરેખર અમલમાં આવવાનો હોય તો સવાલ એ છે કે માનવઆહારમાં ભેળસેળ કરનારાઓ માટે આવો કાયદો શા માટે ઘડવામાં આવતો નથી? માનવઆહારમાં ભેળસેળ કરનારાઓને ઘણીવાર માત્ર દંડ ફટકારવામાં આવે છે. હાલમાં નામચીન હોટેલોમાં ગંદકી જોવા મળે કે મીઠાઈઓમાં વંદા-ગરોળી મળી આવે, તો પણ માત્ર નજીવો દંડ વસૂલવામાં આવે છે. આવા કિસ્સાઓમાં કડક સજાની જોગવાઈ શા માટે કરવામાં આવતી નથી? નજીવો દંડ ભરો અને ફરી ધંધો ચાલુ રાખો, એવી સ્થિતિ કેમ ઊભી થવી જોઈએ? લોકોના આરોગ્ય સાથે સીધી રીતે સંકળાયેલા આવા ગંભીર મામલાઓમાં સુરત મહાનગરપાલિકાનું આરોગ્ય ખાતું કડક કાર્યવાહી કેમ કરતું નથી? ભેળસેળ અને અસ્વચ્છતાને કારણે લોકોના આરોગ્ય સાથે ચેડાં થાય તે પહેલાં જવાબદાર તંત્રએ સક્રિય થવું જરૂરી છે. આ બધું અટકાવવા માટે હવે સંબંધિત અધિકારીઓ ક્યારે આગળ આવશે અને પોતાની ફરજ નિભાવશે?

બેગમપુરા - મહેશ પી. મહુવાગર

માધુરી માંગે ન્યાય

કોલ્હાપુરના નંદીનીગ્રામ ખાતે આવેલા જૈન મઠમાં 'માધુરી' ઉર્ફે 'મહાદેવી' નામની હાથણી ફરી ચર્ચામાં છે. જુલાઈ ૨૦૨૫માં ગંભીર બીમારીની સ્થિતિમાં તેને જામનગર સ્થિત 'વનતારા'માં સારવાર માટે લાવવામાં આવી હતી. ગયા અઠવાડિયે તેને ફરી કોલ્હાપુર મોકલવામાં આવતાં પ્રાણીપ્રેમીઓએ પ્રશ્નો ઉઠાવ્યા છે. લગભગ ૩૦ વર્ષ પહેલાં કર્ણાટકના જંગલમાંથી પકડાયેલી માધુરીને ત્રણ વર્ષની ઉંમરે મઠમાં લાવવામાં આવી હતી. નાનકડી કૉંક્રીટની જગ્યા અને પતરાની ખોરડીમાં સાંકળથી બાંધેલી માધુરીને મઠના ઉત્સવો અને સરઘસોમાં ગરમ રસ્તાઓ પર માઈલો સુધી ચાલવું પડતું. બેન્ડ, ફટાકડા અને લાઉડસ્પીકરના ઘોંઘાટનો પણ તેને સામનો કરવો પડતો. ૨૦૧૭માં માધુરીએ મઠના ગાદીપતિને પગ નીચે કચડી મારી નાખ્યા હતા. ૨૦૨૨માં પણ તેણે હુમલો કરી એક વ્યક્તિને ઘાયલ કર્યો હતો. ત્યારબાદ પ્રાણીપ્રેમીઓએ તેની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી. તપાસ દરમિયાન તેના પગમાં સાંકળના સોળ-ચાંદા અને શરીર પર ઊંડા ઘા જોવા મળ્યા હતા. PETAના કાર્યકરો અને ડૉક્ટરોની તપાસ બાદ કોર્ટના હસ્તક્ષેપથી તેને 'વનતારા' લાવવામાં આવી. ત્યાં સારવારથી તેના ઘા રૂઝાયા અને આરોગ્યમાં સુધારો થયો. વિશાળ કુદરતી વાતાવરણ અને અન્ય હાથીઓના સહવાસથી તેની માનસિક સ્થિતિમાં પણ પરિવર્તન આવ્યું. હવે તેને ફરી મઠમાં મોકલાતા તેની મુક્તિ અને કલ્યાણ અંગે સહી ઝુંબેશ શરૂ થઈ છે. પ્રાણીપ્રેમીઓ માધુરીને યાતનામુક્ત જીવન મળે તેવી માંગ કરી રહ્યા છે અને તેના કલ્યાણની ખાતરી થાય.

નવસારી – કેરસી કે. દેબુ

'આવતો સમય અવિવાહિતોનો સમય હશે'

આજકાલ નારીવાદ, લૈંગિક સમાનતા અને સ્ત્રી-પુરુષ સમાનતાના વિચારોને કારણે યુવતીઓ ભણીને કારકિર્દી બનાવવામાં આગળ વધી રહી છે, જ્યારે કેટલાક યુવાનો લગ્નથી દૂર રહેવાનું પસંદ કરે છે. તેના ભવિષ્યનાં પરિણામો શું આવશે, તેનો ચિતાર લેખમાં આપવામાં આવ્યો છે. આવો આંખ ઉઘાડનારો લેખ આપવા બદલ 'ગુજરાતમિત્ર'ને અભિનંદન. મારા મતે, આ પરિસ્થિતિનું એક કારણ પશ્ચિમથી આયાત થયેલા વિચારોને વિચાર્યા વિના અપનાવવાનું પણ છે. ભગવાને સ્ત્રી અને પુરુષને એકસમાન નહીં, પરંતુ એકબીજાના પૂરક બનાવ્યાં છે. બંનેનાં શરીર, હોર્મોન અને પ્રકૃતિ અલગ છે. તેથી સમાનતા અધિકારો અને સન્માનમાં હોવી જોઈએ, પ્રકૃતિમાં નહીં. પુરુષની પ્રકૃતિ સુરક્ષા, ભરણપોષણ અને જવાબદારી નિભાવવાની છે, જ્યારે સ્ત્રીની પ્રકૃતિ જીવનમાં પ્રેમ, શાંતિ અને સંવેદનશીલતા લાવવાની છે. બંને પોતાની વિશિષ્ટતા જાળવીને સાથે ચાલે ત્યારે પરિવાર મજબૂત બને છે. સ્ત્રીને પુરુષ જેવી કે પુરુષને સ્ત્રી જેવો બનાવવો એ સમાનતા નથી. લગ્ન માત્ર બે વ્યક્તિઓનું બંધન નથી, પરંતુ બે પરિવારો અને બે જીવનપ્રવાહનું મિલન છે. તેમાં અધિકાર સાથે ફરજ, સ્વતંત્રતા સાથે જવાબદારી અને સમાનતા સાથે પરસ્પર સમજણ જરૂરી છે. સમાજે આ દિશામાં ગંભીરતાથી વિચારવું જરૂરી છે.

માંગરોળ - દેવકી ચૌધરી

ગુજરાતમિત્રનો ઈતિહાસ

આજે ગુજરાત મિત્રના સ્થાપના દિન નિમિત્તે આ લેખ લખતાં ગૌરવની લાગણી થાય છે. ગુજરાત મિત્રનો ઈતિહાસ માત્ર એક અખબારનો ઈતિહાસ નથી, પરંતુ સુરત અને દક્ષિણ ગુજરાતના જાહેરજીવન, સામાજિક જીવન તથા ગુજરાતી પત્રકારત્વના વિકાસની ગાથા છે. ગુજરાત મિત્રની સ્થાપના ૧૫ સપ્ટેમ્બર, ૧૮૬૩ના રોજ દિનશા અરદેશર તાલિયારખાને 'સુરત મિત્ર' નામના સાપ્તાહિક તરીકે કરી હતી. દર રવિવારે પ્રસિદ્ધ થતા આ અખબારમાં સુરતના સ્થાનિક પ્રશ્નોને સ્થાન મળતું. ૧૧ સપ્ટેમ્બર, ૧૮૬૪થી તેનું નામ બદલી 'ગુજરાત મિત્ર' કરવામાં આવ્યું અને સમગ્ર ગુજરાતના પ્રશ્નોની ચર્ચા થવા લાગી. ૧૮૭૦માં તાલિયારખાને તંત્રીપદ છોડ્યા બાદ મંછારામ અને કીકાભાઈની કંપનીએ અખબારની જવાબદારી સંભાળી અને કીકાભાઈ તંત્રી બન્યા. ૧૮૮૮માં જેકિસનદાસ અડાણિયા અને હરિલાલ ધ્રુવે 'ગુજરાત દર્પણ' શરૂ કર્યું, જે ૧૮૯૪માં ગુજરાત મિત્ર સાથે જોડાયું. ૧૯૨૦માં ઉત્તમરામ રેશમવાળાએ અખબારની જવાબદારી સંભાળી. બાદમાં તેમના પુત્ર ચંપકલાલ રેશમવાળાએ ૧૯૩૬માં તેને દૈનિક બનાવ્યું. ૧૯૩૭માં તેમના પુત્ર પ્રવીણકાંત રેશમવાળા માત્ર ૧૯ વર્ષની વયે તંત્રી બન્યા અને ૧૯૮૩ સુધી સેવા આપી. આજે તેમના પુત્ર ભરતભાઈ તંત્રી તરીકે ધગશથી કાર્યરત છે. વિશ્વસનીયતા, તટસ્થતા, નિડરતા અને અદ્ભુત પૂર્તિઓ ગુજરાત મિત્રની આગવી ઓળખ છે. ૧૬૪મા પ્રવેશ પ્રસંગે વાચકો તરફથી હાર્દિક શુભેચ્છાઓ. LONG LIVE GUJARAT MITRA!

સુરત - ડૉ. કિરીટ એન ડુમસિયા

સત્ય અને જાગૃતિના પ્રતીક સમાન 'ગુજરાતમિત્ર' ૧૬૪વર્ષમાં

ગુજરાતી પત્રકારત્વની ગૌરવવંતી પરંપરાને જાળવી 'ગુજરાતમિત્ર' ૧૬૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે, તે પ્રસંગે આપશ્રી તથા સમગ્ર 'ગુજરાતમિત્ર' પરિવારને હૃદયપૂર્વક અભિનંદન અને શુભકામનાઓ.વર્ષોથી 'ગુજરાતમિત્ર' માત્ર સમાચાર પહોંચાડતું અખબાર નથી રહ્યું, પરંતુ સમાજના પ્રશ્નો, લોકોની લાગણીઓ અને જાહેરજીવનના વિવિધ મુદ્દાઓને વાચા આપતું સશક્ત માધ્યમ બન્યું છે. આ સંદર્ભમાં અખબારમાં પ્રકાશિત થતી 'ચર્ચાપત્ર' કોલમ વિશેષ નોંધપાત્ર છે. આ કોલમ દ્વારા સામાન્ય વાચકને પોતાના વિચારો, અનુભવો, પ્રશ્નો અને સૂચનો રજૂ કરવાની તક મળે છે. સમાજના નાના-મોટા પ્રશ્નો તરફ તંત્ર અને જવાબદાર અધિકારીઓનું ધ્યાન દોરવામાં પણ તે મહત્વની ભૂમિકા ભજવે છે. વાચક અને અખબાર વચ્ચે જીવંત સંવાદનું માધ્યમ બનેલી 'ચર્ચાપત્ર' કોલમ 'ગુજરાતમિત્ર'ની લોકાભિમુખ પત્રકારિતાનું સુંદર ઉદાહરણ છે. ૧૬૩ વર્ષનો ગૌરવપૂર્ણ વારસો પૂર્ણ કરીને ૧૬૪મા વર્ષમાં પ્રવેશ કરવો એ ઐતિહાસિક સિદ્ધિ છે. આ યાત્રામાં 'ગુજરાતમિત્ર'એ અનેક પેઢીઓનો વિશ્વાસ સંપાદિત કર્યો છે. આ મંગલ પ્રવેશ નિમિત્તે તંત્રીશ્રી, પત્રકારો, પ્રિન્ટિંગ ટીમ, વિતરકો અને તમામ વાચકોને હાર્દિક અભિનંદન. 'ગુજરાતમિત્ર'ની યશસ્વી સફર અવિરત આગળ વધે તેવી હાર્દિક શુભેચ્છાઓ.

સુરત - સંદિપ માંગુકિયા